Date - 30-07-2025
Divya Bhaskar, Page No. II, Surat

**સિટી એન્કર** ટ્રેનમાં 3 કોચ હશે, પહેલો કોચ ડ્રાઈવિંગ કાર, બીજો ટ્રેલર કાર, ત્રીજો મેમુ ટ્રેન જેવો હશે

# મેટ્રોને 3 કોચની 24 નવી ડ્રાઇવર લેસ ટ્રેન દિવાળી સુધીમાં મળી જશે દરેક કોચમાં ગરબા તેમજ ઉત્તરાયણ થીમની ડિઝાઇન જોવા મળશે

**ઓમકારસિંહ ઠાકુર** | અમદાવાદ

સુરત મેટ્રો તથા અમદાવાદ મેટ્રો ફેઝ-2 માટે નવી ટ્રેનો આગામી ઓક્ટોબર મહિના સુધીમાં આવી જશે. અમદાવાદ માટે 3 કોચની 10 ટ્રેનનો રૂ.350 કરોડ તેમજ સુરત માટે 24 ટ્રેનનો 866 કરોડનો કોન્ટ્રાક્ટ ટીટાગઢ રેલને અપાયો હતો. તમામ ટ્રેનો ડ્રાઈવર લેસ હશે, જેના કોચની ડિઝાઈન ગરબા-ઉત્તરાયણ પર આધારિત હશે. પહેલો કોચ ડ્રાઈવિંગ મોટર કાર, બીજો કોચ ટ્રેલર કાર તથા ત્રીજો ડીએમસી (મેમુ ટ્રેન જેવો) સ્વરૂપે સંચાલિત કરાશે.

## સ્વદેશી કોચની વિશેષતાઓ



- કોચ સ્ટેનલેસ સ્ટીલ બોડીના હશે.
- કોચને 90 કિમીની ઝડપે દોડાવાશે.
- ફાયર ડિટેક્શન સિસ્ટમ હશે.
- એરકંડિશન્ડ, સીસીટીવી યુક્ત કોચ બનાવાયા છે.
- ડિજિટલ ડિસ્પ્લે સિસ્ટમ, સ્માર્ટ પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ હશે.

## અમદાવાદની હાલની ટ્રેનના તમામ કોચ દક્ષિણ કોરિયાના છે

શહેરમાં ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલથી થલતેજ સુધી તેમજ નોર્થ સાઉથ કોરિડોરમાં એપીએમસીથી મોટેરા અને ત્યાંથી આગળ સચિવાલય સુધીના રૂટ પર દોડતી 3 કોચની તમામ 32 મેટ્રો ટ્રેનનું નિર્માણ રૂ.1025 કરોડના ખર્ચે દક્ષિણ કોરિયાની હુંડાઈ રોટેમ કંપનીમાં કરાયું હતું. જ્યારે આ વખતે મગાવેલા તમામ કોચ પશ્ચિમ બંગાળના ઉત્તરપાડા સ્થિત ટીટાગઢમાં તૈયાર કરાઈ રહ્યા છે.

### આગામી ડિસેમ્બર સુધીમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે

મહાત્મા મંદિર રૂટની કામગીરી નવેમ્બરમાં પૂર્ણ થવાની શક્યતા છે. ટ્રેનના ઈન્સ્પેક્શન બાદ ઈન્સ્પેક્શન કરાશે અને ઓકે મળ્યા બાદ ડિસેમ્બરના અંત સુધીમાં મહાત્મા મંદિર સુધી મેટ્રોનું સંચાલન શરૂ થવાની શક્યતા છે.

### GMRCએ બંગાળની ટીટાગઢ રેલ કોચને 2023માં ઓર્ડર આપ્યો હતો

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા નવી ટ્રેનો માટે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા પશ્ચિમ બંગાળની કંપની ટીટાગઢ રેલ કોચને ઓગસ્ટ, 2023માં ઓર્ડર આપવામાં આવ્યો હતો, જે હવે ડિલિવર કરાશે.